# જ્યાં –દ - થેવેનોએ નિહાળેલી સુરતની જાહોજલાલી

લેખિકા

ડૉ. વિજયા બી. યાદવ

ઈતિહાસ વિભાગ,

સમાજવિદ્યા ભવન,

ગુજરાત યુનિવર્સિટી.

જ્યાં-દ- થેવેનો :- જીવન કવન

સત્તરમી સદી દરમિયાન સુરતની મુલાકાતે આવેલા યુરોપીય મુસાફરોમાં ફ્રેચ મુસાફર જ્યાં દ થેવેનોની નોંધ સુરતના તે સમયના સામાજિક, આર્થક અને સાંસ્કૃતિક જીવન સમજવા ઉપયોગી થઇ પડે તેમ છે. થેવેનો ઈ.સ. ૧૯૯૬ માં સુરત આવ્યો હતો. તેનો જન્મ પેરિસમાં થયો હતો અને તેનો વિદ્યાર્થીકાળ પણ ત્યાં જ વીત્યો હતો. થેવેનોના કાકા મેચીસડેચ 'વોએજેસ' નામે મુસાફરીઓના હેવાલોના સંગ્રહના લેખક હતા. તેમનાં આ પ્રવાસવર્ણનોએ કદાચ થેવેનોને પૂર્વની દુનિયાનો પ્રવાસ ખેડવા માટે ઉત્તેજિત કર્યો હશે એમ જણાય છે. થેવેનોએ તેની ૨૯ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૫૨માં ઈંગ્લેન્ડ, હોલેન્ડ, જર્મની અને ઈટાલીનો પ્રવાસ ખેડયો હતો. ૧૯૫૫ ના વર્ષમાં ફરી પાછો થેવોનો કોન્સ્ટાન્ટીનોપલ પહોંચ્યો હતો અને ત્યાંથી પૂર્વ ભૂમધ્ય તરફના પ્રદેશો તેમજ ઈજિપ્તની સફરે પણ જઈ આવ્યો હતો. તેણે જેરુશલેમની યાત્રા પણ કરી હતી અને પેલેસ્ટાઈનની મુલાકાત પણ લીધી હતી. ત્યાંથી ઈ.સ. ૧૯૫૯માં ચાંચિયાઓ સાથેનાં અદ્દભૂત પરાક્રમોનો અનુભવ લઈને સ્વદેશ પાછો ફર્યો હતો. ૧૯૬૩માં તેણે ફરી વાર પૂર્વ તરફ સફર ખેડી હતી અને આ સમયે તેણે તેનું સમગ્ર ઈરાક-ઈરાન ઉપર જ કેન્દ્રિત કર્યું હતું. પ્રથમ તે સીડન ઊતરીને દમાસ્કસ, એલેપ્પો, મોસૂલ અને બગદાદ ગયો હતો. અહીં કિરમશાહ નજીક તેને પ્રસિધ્ધ ફ્રેંચ મુસાફર જ્યાં બેપ્ટિસ્ટ ટેવર્નિયેર પણ મળ્યો હતો. ૧૯૯૫ના નવેમ્બરમાં તે સુરત તરફ જતા 'હોપવેલ' નામના વહાણમાં બસરાથી ઊપડ્યો હતો અને ૧૯૬૬ના જાન્યુઆરીમાં સુરત પહોંચ્યો હતો. સુરતના તેના રોકણ પછી તે ગોલકોંડા થઈને મછલીપટ્ટમ ગયો હતો અને ત્યાંથી તેના વતન ફ્રાંસ તરફ પાછો વળ્યો હતો. પરંતુ ૧૯૬૭ના નવેમ્બરની ૨૮મી તારીખે તબરીઝ નજીક પિસ્તોલની ગોળી છૂટવાથી અકસ્માતે તેનું અવસાન થયું .

થેવેનો એક નિષ્ણાંત પ્રાચ્યવિદ્યાવિશારદ અને પ્રકૃતિવિદ હતો. તેણે તેના સુરતનિવાસ દરમિયાન જે કાંઈ જોયું અને જાણ્યું તેની ઉપયોગી નોંધ કરી છે. ઈ.સ. ૧૭૨૭માં પાંચ ગ્રંથોમાં આમ્સ્ટરડેમથી તેની મુસાફરીનો હેવાલ 'Voyages aux Indes Orientales' પ્રસિધ્ધ થયો પણ તેના વિષેની જાણકારી બહુ ઓછાને હતી. તેની ત્રીજી આવૃતિ પણ પ્રસિધ્ધ થઈ હતી પરંતુ ભારતીય ઈતિહાસના અભ્યાસીઓ તેના વિષે બહુ ઓછું જાણે છે. તેના હેવાલનું અંગ્રેજીમાં માત્ર એકવાર જ ભાષાંતર થયું છે. ૧૯૮૭માં આ ભાષાંતર લૉવેલ લંડને કર્યું હતું પરંતુ તે બહુ સારું થયું નહોતું અને તે પણ હાલમાં તો અપ્રાપ્ય જ છે. જ્યારે અન્ય પ્રવાસીઓ બર્નિયર, ડેવેર્નિયે, ચાર્ડિન, મનુચી વગેરે તેમજ અન્યોનાં પણ અંગ્રેજીમાં યોગ્ય ભાષાંતરો થયાં છે, જયારે થેવેનોની 1

બાબતમાં કહી શકાય કે તેના પ્રવાસવર્ણનનું ભાષાંતર થયું નથી જે દયાજનક જ ગણી શકાય. ભારતીય

પુરાતત્વવિદો માટે અહીં થેવેનોએ જોયેલા સુરતનો હેવાલ (એચ.જી. રોલિન્સને) રજૂ કર્યો છે. ખાસ કરીને ઓવિંગ્ટન અને ડૉ. ફાયર ઉપરના વિવેચન માટે તો થેવેનોની નોંધ ઉપયોગી થઇ પડે તેવી છે. થેવેનો ઇ.સ. ૧૯૯૯માં એટલે કે શિવાજીએ સુરત લુંટ્યું પછી તરત જ બે વર્ષે સુરતમાં આવ્યો હતો તેથી શિવાજી વિષેના તેના ઉલ્લેખો સમકાલીન હોઇને અત્યંત ઉપયોગી બની શકે તેવા છે, શિવાજીનું સુંદર શબ્દચિત્ર તેણે દોર્યું છે. સુરતમાં વસતા ફાધર એમ્બ્રોસ વિષેનો થેવેનોનો હેવાલ પણ એટલો જ ઉપયોગી છે. મુઘલ અધિકારીઓ ઉપર ફાધર એમ્બ્રોસનો પ્રભાવ સારો હતો. શિવાજીએ પણ તેમનાથી પ્રભાવિત થઇને તેમના મઠને લુંટનું નિશાન બનાવ્યો નહોતો.

થેવેનોએ નિહાળેલું સુરતઃ

સુરત શહેર તાપી નદીને કિનારે આવેલું છે અને તે ૨૧° અક્ષાંશ પર આવેલું છે. “જયારે હું ત્યાં પહોંચ્યો

ત્યારે ત્યાં માત્ર માટીની દીવાલો હતી અને તે પણ લગભગ બિસ્માર હાલતમાં હતી. અહીં ઇંટોની દીવાલો

બાંધવાની શરુઆત થઇ હતી અને દીવાલો ૧.૫ ટોઇસ જેટલી જાડી બનાવતા હતા (૧ ટોઈસ = ૬.૩૯૪૫૯ ફીટ). દીવાલની ઊંચાઈ પણ તેઓ આનાથી વધારે રાખવા માગતા ન હતા અને તમ છતાં થોડા સમય પહેલાં એક રાજાએ કરેલી ચઢાઈને પરિણામે શક્ય તેટલી મજબૂત કિલ્લેબંધી કરવાનો તેમનો ઈરાદો હતો. ચઢાઈ કરનાર રાજા વિશે હું હવે પછી જણાવીશ.* દીવાલ બાંધવાની જગ્યા નક્કી કરવામાં ઈજનેરે ગંભીર ભૂલ કરી હતી. કિલ્લાની એટલી અડોઅડ દીવલ બાંધી હતી કે શહેરની અંદરનાં લોકો કિલ્લાની તોપોના ધુમાડાથી હેરાન થઈ જતાં અને કિલ્લાનું રક્ષણ કરનારા બંદૂકચીઓ વડે સહેલાઈથી મુશ્કેલીમાં મૂકાઈ જતા.

આ નવી દીવાલોથી શહેર પહેલાં કરતાં ઘણું નાનું બની જતું હતું. કારણ કે પહેલાં શહેરના વિસ્તારમાં ગણાતાં વાંસનાં બનેલાં કેટલાંયે ઘરો આ દીવાલોથી શહેરની બહાર રહી ગયાં. આ માટે હિત ધરાવતા લોકોએ સારા વળતરની માંગણી કરી પણ હતી. સુરત એ મધ્યમ કદ ધરાવતું શહેર છે અને અહીંના રહેવાસીઓની ચોક્કસ સંખ્યા દર્શાવવી મુશ્કેલ છે કારણકે ઋતુઓ પ્રમાણે અહીં વસ્તીમાં વધઘટ થતી રહે છે સમગ્ર વર્ષ દરમિયાન અહીં હંમેશાં મોટા પ્રમાણમાં વસ્તી જોવા મળે છે. પરંતુ વપર્ઋિતુ દરમિયાન એટલે કે જે વખતે વહાણો

- સુરત તાપી નદીના વળાંક ઉપર આવેલું છે. તેનું ભૌગોલિક સ્થાન ૨૧° ૧૨' અક્ષાંશ અને ૭૨° ૫૦' પૂર્વ રેખાંશ છે. તાપી નદી પાસે સુરતના પ્રદેશની સરેરાશ ઊંચાઈ ૧૫૦ જેટલી છે. + સુરત ચડાઈ કરીને લૂંટફાટ કરનાર આ રાજા છત્રપતિ શિવાજી હતા. પ્રથમવાર તેઓ ૧૯૯૪ ના જાન્યુઆરી + થી ૧૦ તારીખ દરમિયાન આવ્યા હતા. જયારે શિવાજીએ સુરતને બીજીવાર ૧૬૭૦ ના ઓક્ટોબરની ત્રીજીથી પાંચમી દરમિયાન લૂંટયું હતું.

2કોઈપણ મુશ્કેલી વગર સુરત બંદરે આવજા કરી શકે અને નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલમાં વસ્તીનું પ્રમાણ વિશેપ રહે છે. શહેર લોકો વડે એટલી બધી સંખ્યામાં ઊભરાઈ જતું કે યોગ્ય સગવડવાળાં ઘરો મળવાં મુશ્કેલ બનતાં. અને શહેરનાં ત્રણ પરાં તો વસ્તીથી ઊભરાઈ જતાં.”

સુરતનો કિલ્લો શહેરના દક્ષિણ છેડે નદી કિનારે બંધાવેલો છે કે જેથી પાતી નદી તરફથી કિલ્લા પર હુમલો કરી પ્રવેશ કરનાર કોઈને પણ અટકાવી શકાય, આ કિલ્લો યોગ્ય વિસ્તારવાળો, આકારમાં ચોરસ છે. તેના દરેક ખૂણે આવેલા મજબૂત બૂરજોથી તેનું રઠક્ષણ થાય છે. તેની ત્રણે બાજુએ આવેલી ખાઈઓ સમુદ્રના પાણીથી ભરાયેલી છે. તેની ચોથી પશ્ચિમની બાજુની ખાઈમાં નદીનું પાણી ભરાય છે. તેના કાંગરાઓમાં કેટલીય તોપો જોઈ શકાય છે. અહીં સમગ્ર પ્રાંતમાંથી ઉઘરાવવામાં આવેલું રાજ્યનું મહેસૂલ રાખવામાં આવે છે. અને જ્યાં સુધી ખાસ હુકમ ન આવે ત્યાં સુધી આ મહેસૂલ બાદશાહને મોકલવામાં આવતું નથી. કિલ્લાનું સુંદર પ્રવેશદ્વાર પશ્ચિમ બાજુએ બજારમાં અથવા ત્યાં આવેલા મેદાનમાં પડે છે. જકાતી વડાની કચેરી અહીં નજીકમાં જ છે. શહેરને માટે જેમ પોતાનો ખાસ ગવર્નર છે તેમ કિલ્લાને માટે પણ ખાસ ગવર્નર છે.*

સારા એવા ખર્ચથી બંધાયેલાં આ શહેરના મકાનો ઈરાનનાં મકાનોની જેમ બેઠા ઘાટનાં છે અને સારી રીતે બંધાયેલાં છે. મકાનો બાંધવામાં ખૂબ જ ખર્ચ થાય છે. કારણ કે આ પ્રદેશમાં (મકાન બાંધકામ માટે વપરાતા) પથ્થર નથી તેથી ઇંટો અને ચૂનાનો ફરજિયાતપણે ઉપયોગ કરવો પડે છે. મકાનો માટે સાગી લાકડું પણ વધારે પ્રમાણમાં જોઈએ અને દરિયા વાટે દમણથી તે મંગાવવું પડે. થોડાક અંતરે સ્થાનિક પ્રદેશનું લાકડું પ્રાપ્ય છે જે જમીનમાર્ગે મંગાવતાં વધારે મોંઘું બને છે. ઇંટ અને ચૂનો પણ વધારે મોંઘાં છે અને મધ્યમકક્ષાનું મકાન પણ પાંચસો કે છસો ફ્રાંકની કિંમતની ઇંટો અને તેનાથી બેવડી કિંમતના ચૂના સિવાય બાંધી શકાય નહીં. મકાનોની છત પર અર્ધગોળાકાર અડધો આંગળ જાડાં નળિયાં મૂકવામાં આવે છે. પરંતુ નળીયાં સારી રીતે પાંકતાં નહીં

4 સામાન્ય રીતે સપ્ટેમ્બરથી જાન્યુઆરી વેપારની ઋતુ ગણાતી હતી. અને મે મહિનાથી સપ્ટેમ્બર સુધી તો ગુજરાતનાં બંદરો બંધ રહેતાં હતાં. સપ્ટેમ્બર થી માર્ચ વચ્ચેના સમયમાં વિદેશથી વહાણો વિશેષ આવતાં હતાં. પણ પછી મોડું થાય તો મે-જૂનથી તો દક્ષિણ પશ્ચિમિયા પવનો શરુ થઈ જતા ને વહાણો પવનની વિરુધ્ધ દિશામાં ચાલી શકતાં નહીં ને સુરત જ રહેતાં.

સુરતનો કિલ્લો સુલતાન મહમૂદ-૩ (૧૫૩૮-૫૪) ના શાસન દરમિયાન સુરતના મુત્સદ્દી ખ્વાજા સફર સલમાની ઉર્ફે ખુદાવંદખાને ઇ.સ. ૧૫૪૦-૪૧ માં બંધાવ્યો હતો. કિલ્લો વિસમબાજુ ચૌરક હતો. તેની ફરતેની ખાઈ ૨૦ ગજ પહોળી હતી. ખાઈની ઊંડાઈ એટલી કરવામાં આવી હતી કે નદીનું પાણી કિલ્લા કરતેની ખાઈમાં ફરી વળે નદી તરફની બાજુએ પણ કિલ્લાનું પ્રવેશદ્વાર હતું. પણ બજાર તરફ પડતું મુખ્ય પ્રવેશદ્વાર તો પૂર્વાભિમુખ હતું અને ખાઈ ઉપર ખેંચી શકાય તેવો પુલ હતો. થેવેનોના આગમન સમયે (૧૯૬૬) તો ખાઈ બિસ્માર હાલતમાં હતી. ક્યાંક તો ઊતરીને ચાલીને કિલ્લામાં જઈ શખાતું હતું:

* સુરત સરકાર એક અલગ વહીવટી વિભાગ તરીકે ગુજરાતના સુલતાનોના શાસન દરમિયાન હતો જ પરંતુ મુઘલાઈની સ્થાપના પછી બંદરોના ખાસ વહીવટી વિભાગ તરીકે અકબરે સુરત સરકારનો વહીવટ સીધો જ કેન્દ્રસત્તા નીચે લીધો હતો અને સૂબેદાર કક્ષાના અને સમાન અધિકારવાળા બે અધિકારીઓ નીમ્યા હતા. તેમાં કિલ્લેદાર સુરતના લશ્કરનો મુખ્ય સેનાપતિ અને ફોજદારી ન્યામાં મુખ્ય ન્યાયાધીશ હતો જ્યારે બીજો મુત્સદી શહેરનો હાકેમ હતો. દીવાની બાબતોનો ન્યાયાધીશ હતો અને જિલ્લાનું મહેસૂલ

ઉઘરાવતો. કિલ્લેદાર કેન્દ્રના શાહી તોપખાનાના ઉપરીની મુહરથી અને મુત્સદી કેન્દ્રીય દીવાનની મુહરથી નીમાતો હતો.

3હોવાને કારણે લાંબો સમય સુધી ટકતાં નથી. આ કારણસર નળિયાં ગોઠવનાર નળિયાને બે હારમાં એવી રીતે ગોઠવે છે કે એક નળિયું બીજા નળિયા પર બરાબર આવી રહે. વાંસને વચ્ચેથી બે ભાગમાં ફાડીને તેનો ઉપયોગ લાંબી પાતળી પાટી (ખપેડા) તરીકે કરી નળિયાને તેની પર મૂકવામાં આવે છે. જેના પર આ બધાનો આધાર છે તે નીચેનું માળખું ગોળાકાર લાકડાની વળીઓનું બનેલું હોય છે. આ પ્રકારનાં મકાનો શ્રીમંતો માટે છે. પરંતુ નીચલા વર્ગનાં લોકોનાં ઘરો વાંસનાં બનેલાં હોય છે અને તેમને તાડપત્રીઓથી ઢાંકવામાં આવે છે.

શહેરમાં હિન્દીઓ, ઈરાનીઓ, આરબો તુર્કો, ફ્રેન્ચો, આર્મેનિયનો અને બીજા ખ્રિસ્તી લોકો વસે છે. જો કે અહીંની સામાન્ય વસ્તી ત્રણ વર્ગોમાં વહેંચાયેલી છે જેમાં ફ્રેન્ચો કે બીજા ખ્રિસ્તીઓનો સમાવેશ થતો નથી કારણ કે બીજા ધર્મો પાળનાર લોકોની સંખ્યાની સરખામણીમાં તેમની સંખ્યા નગણ્ય છે. રહેવાસીઓના આ ત્રણ વર્ગો આ પ્રમાણે છે. મૂરલોકો, હિંદુલોકો અને પારસીલોકો. હિન્દમાં 'મૂર' શબ્દ બધી જ મુસ્લિમ પ્રજાઓ માટે વપરાય છે જેમાં મુઘલો, ઈરાનીઓ, આરબો અને તુર્કો આવી જાય છે. જો કે ધર્મની દ્રષ્ટિએ તેઓ સમાન નથી. જેમાંના કેટલાક સુન્ની છે અને બાકીના બધા શિયા પંથી છે. મારા બીજા પુસ્તકમાં આ તફાવત વિશે મેં લખ્યું છે. રહેવાસીઓનો બીજો વર્ગ હિંદુઓનો છે. તેઓ મૂર્તિપુજા કરે છે અને એમાં પણ અનેક જ્ઞાતિઓ જોવા મળે છે. ત્રીજા વર્ગનાં લોકો પારસીઓ છે કે જેઓ ગોરેસ અથવા આતશપરસ્ત અથવા અગ્નિપૂજકો તરીકે પણ ઓળખાય છે. તેઓ પ્રાચીન ઈરાનનો ધર્મ પાળે છે. જ્યારે ખલીફ ઉમરે ઈરાનના રાજ્યને મુસ્લિમ સત્તા નીચે કબ્જે કર્યું ત્યારે તેઓએ ભારતમાં આશરો લીધો હતો. સુરતમાં કેટલાક ખૂબ જ ધનવાન લોકો છે અને વીરજી વોરા નામનો વણિક જે મારો મિત્ર છે તે ઓછામાં ઓછી એંસી લાખની સંપત્તિ ધરાવે છે. અહીં અંગ્રેજો અને ડચ લોકોનાં તેમનાં મકાનો છે જેનો તેઓ રહેઠાણો અને કાર્યાલયો તરીકે ઉપયોગ કરે છે. આ મકાનો ખરેખર ઘણાં સુંદર છે. અંગ્રેજોએ પોતાનું વેપારનું વડું મથક અહીં સ્થાપ્યું છે. અહીં સુરતમાં ૧૦૦ (સો) જેટલાં કેથલિક સંપ્રદાયનાં લોકોનાં મકાનો છે.

N ભારતમાં ઘરોનાં છાપરાં પર ગોઠવવામાં આવતાં નળિયાં વિષેનું થેવેનોનું જ્ઞાન મર્યાદિત હોવાનું જણાય છે. નળિયાની ગોઠવણી

માટે તેણે કરેલી કાચાં હોવાની નોંધ બરાબર નથી. ખરેખર તો છાપરા ઉપર નળિયાંના બે પડ તૈયાર થયેલાં હોય છે. નીચેનાં ચત્તા

અને બે નળિયાંના સંધિસ્થળે તેની ઉપર ઊંધાં નળિયાં મૂકવાની ભારતમાં પધ્ધતિ છે. જેથી નીચેનાં નળિયાં ખસે નહીં અને અંદર

વરસાદનું પાણી કે તડકો ઊતરે નહીં. નળિયાં કાચાં હોય છે તે માટે આમ કરવામાં આવે છે. તે બરાબર જણાતું નથી.

* યુરોપિયનોને ગુજરાતમાં સુરતમાં પોતાની માલિકીનાં મકાનો બાંધવાની કે ખરીદવાની રજા મળતી નહીં, સત્તરમી સદીની શરુઆતમાં અંગ્રેજોએ ૧૬૨૨માં વખાર માટેનું મકાન વાર્ષિક ૧૪૦૦ મહમૂદીથી અને ડચોએ ૧૨૫૦ મહમૂદીથી ભાડે રાખ્યાં હતાં.

4સુરત શહેરના વહીવટ અને રક્ષણ કરતો ખાસ વર્ગ છે. બાદશાહ, નવોબો, રાજમંત્રીઓ, કોટવાલ શહેરની રક્ષા કરે છે. લશ્કરી વડો અને પોલીસ વડો શહેર અને ગ્રામીણ વિસ્તારમાં સલામતી સ્થાપે છે. જે બાદશાહ પાસે દરરોજ હાજર થાય છે. કાઝી ન્યાય આપે છે.

ભારતમાં સ્હેજે બાંધકામ ઉનાળાની ઋતુમાં કરવા કરતા વર્ષાઋતુમાં કરવું વધારે ઠીક રહે છે. કારણ કે ઉનાળાની ઋતુમાં આકાશ ખુલ્લું રહેતું હોવાને કરાણે અને સૂર્યની સખત ગરમીને લીધા બાંધકામ એકદમ સુકાઈ જતું હોય છે. તેથી બાંધકામ સખત અને મજબૂત થઈ શકતું નથી. અને તેથી મકાનો તૂટી પડે છે. જ્યારે વર્ષાઋતુમાં સુર્ય ઓછો તપતો હોવાને કારણે ગરમી ઓછી રહે છે. અને તેથી ચણતરને સુકાઈને સખત થવાનો સમય રહે છે. વર્ષાઋતુ દરમિયાન કારીગરો ચણતર પર મીણિયું કાપડ ઓઢાડી શકે છે. પરંતુ ઉનાળાની ઋતુમાં કોઈ ઉપાય નથી. જો કંઈ થઈ શકે તો એ કે ચણતર સાથે કંતાનને પાણીમાં પલાળી તેના પર ઓઢાડી દે છે. પરંતુ ઉનાળાની ઋતુમાં કંતાન એકદમ સુકાઈ જતું હોવાને કારણે બહુ ફાયદો થતો નથી. સુરતની શેરીઓ પહોળી અને સમથળ છે, પરંતુ તેની ફરસંબંધી કરવામાં આવી નથી. શહેરનો વિસ્તાર જો કે મોટો છે છતાં ત્યાં એક પણ જાહેર ઈમારત નથી.ક

સુરતના ધનિકોના શોખઃ

ફેબ્રુઆરીની શરુઆતથી કે એપ્રિલના અંત સુધી સુરતમાં દ્રાક્ષ ખવાય છે, પરંતુ તેનો સ્વાદ એટલો બધો મીઠો હોતો નથી. કેટલાકની માન્યતા પ્રમાણે આવું બનવાનું કારણ એ છે કે દ્રાક્ષને પકવવા માટે જરુરી લાંબા સમય માટે તેને વેલાપર રાખી મૂકવામાં આવતી નથી. જોકે ડચ લોકો દ્રાક્ષનો દારુ બનાવવા માટે રાખી શકાય તેટલા લાંબા સમય સુધી રાખીને પછી તે દ્રાક્ષમાંથી દારુ બનાવે છે. જે એટલો બધો ખાટો બને છે કે ખાંડ ઉમેર્યા સિવાય તે પી શકાતો નથી. સફેદ લાંબી અને દેખાવમાં સારી દ્રાક્ષ બાલાઘાટ પ્રાંતના નવાપુર નગરથી સુરત લાવવામાં આવે છે. સુરતથી ત્યાંની મુસાફરી ચાર દિવસની હોય છે."

સ્થાનિક દેશી દારુ ભાગ્યે જ દ્રાક્ષ કરતાં સારો હોય છે. સામાન્ય રીતે જે દારુ પીવાય છે તે ગોળમાંથી બનાવવામાં આવે છે. દારુને વધારે કડક બનાવવા માટે તેને બાવળની છાલ સાથે પાણીમાં નાખવામાં આવે છે અને પછી બન્નેને સાથે ઉકાળીને ગાળવામાં આવે છે. તાડી પણ ગાળીને બનાવવામાં આવે છે પરંતુ આ પ્રકારનો દારુ આપણે ત્યાંના દારુ કરતાં સારો હોતો નથી. ચોખા, ખાંડ અને ખજૂરમાંથી પણ તેઓ દારુ બનાવે છે. તે પણ સારો હોતો નથી. સરકો ઉપયોગમાં લેવાય છે. તે પણ ગોળ અને પાણીના મિશ્રણમાંથી બનાવવામાં આવે છે.

5કેટલાંક લોકો પોતાની પાસે જો સડેલી દ્રાક્ષ હોય તો તેનો ઉપયોગ સરકો બનાવવા માટે કરે છે. પરંતુ તેને માદક બનાવવા માટે તેમાં તાડી ઉમેરે છે અને પછી કેટલાક દિવસો સુધી સૂર્યપ્રકાશમાં રાખે છે.

સુરતીલાલાઓ પાન-બીડા અને પગ ચંપીના ભારે શોખીન હતા. મુસાફરોએ આ બાબતની ખાસ નોંધ લીધી છે. સુરતના વેપારી અને શ્રીમંતો સુતા પહેલાં તેમનાં નોકરો પાસે અવશ્ય માલીસ અને ચંપી કરાવે છે. ડૉ. ફાયર ઈસ્ટ ઇંડિયા કંપનીમાં ડોકટર-સર્જન તરીકે નોકરી કરતો હતો અને તે ઇંગ્લેન્ડની રોયલ મેડિકલ કાઉન્સીલની ઉચ્ચ ડીગ્રી ધરોવતો હતો. તેને માલીસ અને ચંપીમાં ઘણો રસ પડયો. તેણે નોંધ્યું કે આ બાબત યુરોપીયનોએ પણ અપનાવવા જેવી છે કારણ કે તેનાથી લોહીનું ભ્રમણ થાય છે, સ્નાયુઓ ઢીલા પડે છે, દુખતાં હાંડકાને આરામ મળે છે, અને માણસ તાઝગી અનુભવે છે. આમ છતાં પણ તે માનતો હતો કે પશ્ચિમનું વૈદશાસ્ત્ર હિંદુ વૈદકશાસ્ત્ર કરતાં ઘણું ચડીયાતું છે. તેણે નોંધ્યું કે વૈદકશાસ્ત્રની તાલીમ માટે કોઈ શાળા કે કોલેજ નથી, વૈદોના જ્ઞાનની ચકાસણી કરવા માટેની કોઈ પરીક્ષાપધ્ધતિ નથી. આ કારણથી સુરતમાં ઘણું ઊંટવૈદું ચાલે છે. પરંતુ જાણે કે તે પોતાના જ કથનનો વિરોધ કરતો હોય તેમ ઉમેરે છે કે હિંદુ વૈદો તેમના બાપ-દાદાઓ પાસેથી તેમનો વ્યવસાય શીખે છે. વળી પાછો તે ઉમેરે છે કે હિંદુઓ નાડી તપાસવાનો ડોળ કરે છે, પણ મૂત્ર-પરીક્ષા કરવાનું તેઓ જાણતા નથી. તેઓ શરીરશાસ્ત્ર અને ફાર્મસી સબંધી અજ્ઞાત છે અને એવી માન્યતાથી સારવાર કરે છે કે એક દરદી માટે જે સફળ પ્રયોગ થતો તે બધા જ દરદીને લાગુ પાડી શકાય છે. ફાયરે ઘણે અંશે ધમંડથી પ્રેરાઈને ગોળ ગોળ રીતે આ

પ્રમાણે લખ્યું હોય તેમ લાગે છે. જો આમ ન હોત તો તેના જ કથન અનુસાર સુરતની કોઠીના અધિકારીઓ રોજ એક બ્રાહ્મણ વૈદને રોગોનાં નિદાન માટે અને તેના સફળ ઈલાજ માટે શું કરવા બોલાવત. ફાયરના ત્યાં હોવાં છતાં અંગ્રેજ ડૉકટરે કબૂલ કર્યું છે કે સુરતનો વૈદ કોઠીમાં રહેતા અંગ્રેજોની રોજ નાડી પરીક્ષા કરતો, મેલેરિયા અને બીજા રોગો માટે દવાની ફાકી આપતો આ ફાકી અકસીર કામ કરતી, પ્રસુતિની બાબતમાં તેણે લખ્યું છે કે પૈસાપાત્ર લોકો પ્રસુતિ કરાવવા દાયણને બોલાવતા. સામાન્ય ઘરોની સ્ત્રીઓ કુદરતી હાજતે જતી હોય તે રીતે બાળકને જન્મ આપતી, તેને પાણીથી સ્વચ્છ કરતી, અને જાણે કે સામાન્ય અને કુદરતી બાબત હોય તે રીતે તે માતૃત્વ પ્રાપ્ત કરી લેતી."

* સત્તરમી સદી દરમિયાન વિવિધ પીણાનું વૈવિધ્ય ઘણું હતું. સુરતનું માનીતું પીણું તાડી હતી. ઝાડી મેળવવાની પધ્ધતિ આજે પણ એની એ જ જોવા મળે છે. તાડી ઉપરાંત ખજૂરી, નાળિયેરી અને સોપારીના વૃક્ષમાંથી પણ તે મેળવાતી હતી. ઉપરાંત ગોળના પાણી અને બાવળની છાલને સાથે ઉકાળીને જાગરે અરક બનતો. ચોખા, ખાંડ, ગોળ અને ખજૂરમાંથી પણ દેશી દારુ તૈયાર થતો હતો. ભાંગ, અફીણ અને ધંતુરાનાં પાનનો રસ પણ બંધાણીઓ પીતા હતા. તમાકુ, કોફી, ચા પણ પીવાતાં હતા. ચા-કોફીનું પીણું લિજજત કરતાં દવા માટે વિશેષ ઉપયોગી મનાતું હતું.

6સુરતની સમૃધ્ધિ:

લગભગ બધા મુસાફરોએ અમદાવાદ અને સુરત તેમજ કેટલેક અંશે ખંભાતની જાહોજલાલીનું વર્ણન કર્યું છે. તેમણે ગુજરાતને ખેતીની દ્રષ્ટિએ ફળદ્રુપ પ્રદેશ ગણ્યો છે અને એ રીતે તેનાં ગુણગાન ગાયાં છે. ગુજરાતના વેપારીઓ અને વેપાર કરવાની તેમની રીત સંબંધી તેમજ કારીગરો અને તેમનાં કલા-કૌશલ્યો વિશે તેમણે વિગતથી માહિતી આપી છે. થેવેનો લખે છે કે આ શહેરમાં અનેક પરદેશી વેપારીઓ વસતા હતા કારણ કે દુનિયાની કોઈ પણ ચીજ એવી ન હતી કે જે અહીં વેચાતી અને ખરીદાતી ન હોય. રાલ્ફ ફીચ વિલિયમ ફીન્ચ, એડવર્ડ ટેરી, મેન્ડેબલો, પીટ્રો ડેલા વેલ, થેવેનો, ડૉ. જહોન ફાયર વગેરે યુરોપીય મુસાફરોએ સુરતને એક સમૃદ્ધ આંતરરાષ્ટ્રીય બંદરીય-નગર તરીકે બીરદાવ્યું છે. કેટલાક મુસાફરોએ અમદાવાદ અને સુરત ઉપરાંત નવસારી, ભરુચ, ખંભાત, નડીયાદ, માતર, વડોદરા, ધંધુકા અને જૂનાગઢ જેવાં નાનાં-મોટાં નગરોનાં વેપાર અને હુન્નર-ઉદ્યોગોનું વર્ણન કર્યું છે તે ઉપરથી એક બાબત સ્પષ્ટ રીતે તરી આવે છે કે ગુજરાત ઔદ્યોગિક દ્રષ્ટિએ મુઘલ સામ્રાજયનો અત્યંત મહત્વનો પ્રદેશ હતો અને સુતરાઉ કાપડનો ઉદ્યોગ ગુજરાતની વેપારી અને ઔદ્યોગિક પ્રવૃતિઓની ધરી સમાન હતો."

સત્તરમી સદીમાં બે મહાન વેપારીઓ તે અમદાવાદના શાંતિદાસ ઝવેરી અને સુરતના વીરજી વોરા, બન્ને જૈન હતા. ઔરંગઝેબ જ્યારે ગુજરાતો સૂબેદાર હતો ત્યારે તેણે ઈ.સ. ૧૯૪૫માં મદિરાને અપવિત્ર કર્યો હતું. આ અંગેની માહિતી આપતાં થેવેનો જણાવે છે કે ઔરંગઝેબે મંદિર પાસે એક ગાયની કતલ કરી અને મંદિરની મૂર્તિઓ ખંડિત કરી. વીરજી વોરા તેના સમયનો એક સમૃદ્ધ અને નીડર વેપારી હતો અને તે લગભગ બધી જ ચીજવસ્તુઓના દેશ-વિદેશો સાથે વ્યાપાર કરતો. થેવેનોના કથનાનુસાર વીરજી વોરા તેનો મિત્ર હતો. આ ફ્રેચ મુસાફરે નોંધ્યું છે કે, જયારે શિવાજીએ ઈ.સ. ૧૬૬૪માં સુરત લૂંટ્યું ત્યારે તેણે એક વણિકના ઘરમાંથી ૨૨ પાઉન્ડ વજન થાય તેટલા મોતીની લૂંટ કરી હતી. ઘણું ખરું આ વણિક વીરજી વોરા હશે તેમ લાગે છે. થેવેનોને નવાઈ તો એ લાગી કે ભારે વસ્તી ધરાવનાર સુરતે શિવાજી અને તેનાં માત્ર ૪૦,૦૦૦ સૈનિકોનો સામનો કેમ ન કર્યો અને લોકોએ નાસ ભાગ કેમ કરી. ખુદ સુરતનો સુબેદાર પણ કિલ્લામાં ભરાઈ બેઠો અને શિવાજીને ચાર દિવસ સુધી સુરતને લૂંટવા દીધું.

ગુજરાતના વેપારીઓ પરદેશો સાથે વ્યાપાર કરતા. ત્યાં તેમની પેઢીની શાખાઓ હતી. થેવેનો જયારે ઈ.સ. ૧૯૬૫માં પર્શિયાના નગર ઇસ્પહાનમાં હતો ત્યારે તેણે લગભગ ૧૫૦૦૦ વણિકોને જોયાં હતા. તેના જણાવ્યા મુજબ ગુજરાતના વણિકોએ ઓમુંઝ પાસે આવેલા બંદર અબ્બાસીમાં પોતાનું મંદિર બાંધ્યું હતું. જ્યાં તેઓ પૂજા કરવા જતા. નવેમ્બર

૧૬૬૬માં જયારે થેવેનો એક આર્મેનિયન વહાણમાં બસરાથી સુરત જતો હતો 7ત્યારે તેના વહાણમાં તેણે ૨૬ વાણિયાઓને સુરત પાછાં ફરતા જોયા હતા. જો પરિસ્થિતિ આ જ હતી, તો એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે પૂછવાનું મન થાય કે વણિકોને દરિયો ઓળંગીને બીજા દેશોમાં જતાં શું કોઈ જ ધર્મબાધ ન નડ્યો? ૧૯ મા સૈકામાં મહીપતરામ રુપરામ જેવા સમાજ સુધારકોને પણ ઇંગ્લેન્ડ જવા બદલ દેહશુધ્ધિ પ્રાયશ્ચિત કરવું પડયું હતું. ૧૯ મી સદીમાં તો વેપારીઓ પણ ઇંગ્લેન્ડ જઈ શકતા નહીં. જો કે એશિયા-આફ્રિકાના દેશોમાં તે સમયે લુહાણા અને ભાટીયા વેપારીઓ છૂટથી વ્યાપારાર્થે જ તા તે જ પ્રમાણે જૈનો અને વૈષ્ણવ વાણિયા પણ એશિયા આફ્રિકાના દેશોમાં જતા.૧૭

૧૭ મા સૈકામાં ગુજરાતના મુસલમાન વેપારીઓ પરદેશ જતા, પરંતુ પરદેશો સાથેના વ્યાપાર ઉપરનું પ્રભુત્વ હિંદુ વેપારીઓ ધરાવતા હશે તેમ લાગે છે. આ બાબતમાં અબ્રાહમ પારસન્સે કરેલી નોંધ ઉપયોગી છે. આ અંગ્રેજ મુસાફર અરબસ્તાનમાંથી ફરતો ફરતો ઈ.સ. ૧૭૫૦ ની આસપાસ ગુજરાતમાં આવ્યો હતો. એ જણાવે છે કે મોખા (પર્શિયન ગલ્ફ) બંદરનો તમામ વ્યાપાર ગુજરાતી વેપારીઓનાં હાથમાં છે. તેઓ ત્યાં સેંકડોની સંખ્યામાં છે. પહેલાં તો તેઓ તેમની સ્ત્રીઓને પણ પર્શિયા અને આરબ દેશોમાં લઈ જતા પણ ત્યાંનાં સત્તાધારી માણસોએ સ્ત્રીઓ સાથે દુર્વ્યવહારના કરેલા કેટલાક પ્રયાસોથી ડરીને તેમણે તેમને સુરત મોકલી દીધી અને હવે તો ફક્ત પુરુષો જ ત્યાં જાય છે. અને પુષ્કળ ધન પ્રાપ્ત કરીને સ્વદેશ પાછા ફરે છે. પરદેશમાં વસવાટ કરતા ગુજરાતી વેપારીઓ શાંત, પ્રામાણિક અને કરકસરીઆ છે. અને તેઓ તેમના ખાસ મહોલ્લાઓમાં રહેવાનું પસંદ

કરે છે.

આ વસ્તુસ્થિતિ બતાવે છે કે વેપાર એ ગુજરાતીઓની ગળથૂથીમાં હતો. થેવનો અને અન્ય યુરોપીય મુસાફરોએ હિંદુ વેપારીઓ માટે ભલે બનીયા શબ્દપ્રયોગ કર્યો, પરંતુ હકીકત એ હતી કે ગુજરાતે માત્ર વાણિયા જ્ઞાતિઓમાંથી જ નહીં પણ બ્રાહ્મણ, રાજપૂત અને કણબી જેવી બિન-વૈશ્ય જ્ઞાતિઓમાંથી પણ વેપારીઓ પૂરા પાડ્યા હતા. હિંદના વેપાર - રોજગાર ઉપર ગુજરાતીઓ કેવું પ્રભુત્વ ધરાવતા હશે તેનો ખ્યાલ ફ્રેંચ મુસાફર ફ્રાન્કો પાયરાર્ડની નોંધો આપે છે. ઈ.સ. ૧૯૦૮માં તેણે સુરત અને ગુજરાતનાં અન્ય નગરો અને ગામોની મુલાકાત લીધી હતી."

સુરતની ભવ્યતા ના સાક્ષી વાવ, તળાવ અને બગીચા:

અંગ્રેજ કબ્રસ્તાન નજીક એક વિશાળ કૂવો છે. એક વાણિયાએ વટેમાર્ગુઓની સગવડ ખાતર તે બંધાવ્યો છે. અમદાવાદના જે કૂવાનું મેં વર્ણન કર્યું છે તેના જેટલા જ કદનો ચોરસ આકારનો આ કૂવો છે. કૂવાનેં ઇંટોની બનેલી કેટલીય પાતળી કમાનો છે. તે એકબીજાથી કેટલાક ફૂટના અંતરે આવેલી છે. કૂવામાં ઊતરવા માટેનાં નીચે

8જતાં પગથિયાં કરેલાં છે. કમાનોની વચ્ચેના ભાગમાંથી સૂર્યપ્રકાશ અંદર પડે છે જેથી નીચે જતો રસ્તો જોઈ શકાય

છે. કૂવાની બહારની બાજુએ એક લાલ રંગનું મૂર્તિનું મુખ છે તેની મુખાકૃતિ ઓળખી શકાતી નથી. હિંદુઓ તેને

મહાદેવનું પેગોડા (મંદિર) કહે છે અને તેની પ્રત્યે ઊંડી શ્રદ્ધા ધરાવે છે. દમણ દરવાજા પાસે આવેલું તળાવ એ વિસ્તારનું સૌથી સુંદર કરવા માટેનું સ્થળ છે. તેનું મહત્વ ખૂબ જ છે. (દમણ) દરવાજો એક સુંદર વડના વૃક્ષની ડાળીઓથી છવાયેલો અને પેરાયેલો છે. પોર્ટુગીઝો આ વૃક્ષને રુટટ્રી તરીકે ઓળખે છે. આ તળાવ પર આવનારા પ્રત્યેકને માટે તે સરસ વિસામારુપ

બની રહે છે. આ વિશાળ તળાવ સોળ ખૂણાવાળું અને ખૂણાની પ્રત્યેક બાજુ ૧૦૦ ડગલાં જેટલી લાંબી છે. તેનો વ્યાસ બંદુકની ગોળી પહોંચે તેટલી લંબાઈનો છે. તેના તળિયે માટા અને લીસા પથ્થરો જડેલા છે. તળાવની ફરતે લગભગ બધે જ એમ્ફિથિયેટરની જેમ અર્ધો ફૂટ ઊંચાઈના પગથિયાં ઉપરથી છેક તળિયા સુધી કરેલાં છે. પગથિયાં ખંભાત નજીકના વિસ્તારમાંથી લાવેલા ભુકરા પથ્થરના બનેલાં છે. તળાવમાં પાણી ભરવા માટે ત્રણ ઢાળ કરેલા છે.

તળાવની મધ્યમાં પથ્થરની બનાવેલી લગભગ ચાર ટોઈસેસ (૧ ટોઈસેસ = ૬.૩૯૪૫૯ ફીટ) ઊંચી, લાંબી અને પહોળી એક ઈમારત છે. તેની ઉપર જવા માટે બે નાની સીડીઓ કરેલી છે. લોકો આ સ્થળે આનંદપ્રમોદ માટે આવે છે. પણ ત્યાં હોડી મારફતે જઈ શકાયછે. તળાવ વર્ષાઋતુ દરમિયાન વરસાદના પાણીથી ભરાય છે. પાણી ગ્રામવિસ્તારોમાંથી વહીને અહીં એક મોટી નીકમાં ફેરવાઈ જાય છે. તેની ઉપર પુલ કરેલો છે પાણી બંને બાજુની દીવાલો વચ્ચેના વિશાળ માર્ગમાંથી વહે છે ને ત્યાંથી ચાર ફીટથી મોટાં ત્રણ ગરનાળાં મારફતે તળાવમાં આવે છે. તેની નજીકમાં જ એક મુસ્લિમ ધાર્મિક સ્થળ આવેલું છે.

આ તળાવ ગોપી નામના એક ધનવાન વાણિયાએ પોતાના ખર્ચે લોકોના ભલા માટે બંધાવ્યું છે. પહેલાના સમયમાં અન્ય પાણી નહીં પણ આ તળાવનું પાણી જ પીવાના ઉપયોગમાં લેવાતું હતું. અત્યારે સમગ્ર શહેરને પાણી પૂરુ પાડનારા જે પાંચ કૂવા છે તે તો તળાવ બંધાયા પછી લાંબા સમય સુધી શોધાયા નહતા. તેના

* થેવેનોએ અંગ્રેજ કબ્રસ્તાન પાસેના જે કૂવાનું વર્ણન કરેલું છે તે જોતાં તો તે કૂવો નહીં પણ વાવ જણાય છે. હાલમાં પણ ત્યાં ઇંટોની બનેલી અને નીચે ઊતરવાનાં પગથિયાં સાથેની એક પ્રાચીન વાવ હયાત છે. અમદાવાદમાં પણ મહમૂદ બેગડાના સમયમાં બંધાયેલી દાદા હરિની વાવ સિવાય પણ નાની મોટી બીજી ઈંટેરી વાવ બંધાઈ હતી. કૂવાની બહાર તેણે જોયેલું દેવસ્થાન મહાદેવનું નહીં પણ કોઈ દેવીનું સ્થાનક જ હોવું જોઈએ.

સુરતનું ગોપીતળાવ મૂળે તો ગુજરાતના સોલંકીકાલ દરમિયાન બંધાયેલાં તળાવોની નકલ સમાન જ હતું. સલ્તનતકાલ દરમિયાન ગુજરાતમાં અમદાવાદ, પોળકા, વટવા વગેરે સ્થળોએ તળાવો બંપાયેલા. તળાવની મધ્યમાં બેટ જેવી જગા છોડીને ત્યાં કોઈ ઈમારત યા દેવમંદિર બાંધવાની સ્થાપત્ય પરંપરા હતી. આવી જગાને બકસ્થલ કહે છે. ગોપીતળાવમાં પણ આવું બકસ્થલ હતું. થેવેનોએ આપેલા માપ પ્રમાણે તો બકસ્થલમાં બનેલી ઈમારતની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ આશરે ૨૫.૫૭' હતી. 9બંધાવાની શરુઆત સુરતના કિલ્લાની સાથે સાથે જ થઈ હતી. અને લોકો વાતો કરે છે તે પ્રમાણે બંન્નેને બાંધવામાં સરખું જ ખર્ચ થયું હતું. ખરેખર તે કોઈ રાજાએ બંધાવ્યું હોય તેવું આ કાર્ય છે. રોમનોએ પ્રજાકલ્યાણ માટે બંધાવેલા સર્વોત્કૃષ્ટ બાંધકામની સાથે સરખાવી શકાય તેવું આ બાંધકામ છે. પૂર્વનાં લોકો યોગ્ય સારસંભાળના અભાવે જેમ બધું જ નાશ પામવા દે છે તેમ આ તળાવ મેં જોયું ત્યારે તેમાં છ ફીટ કાદવ જામી ગયો હતો. અને ક્યારેક તે માટીથી સંપૂર્ણ પૂરાઈ જશે એવો મોટો ભય રહે છે, સિવાય કે કોઈ દાનવીર વાણિયો તેને સાફ કરાવે ૧

આ સુંદર તળાવ જોયા પછી અમે પાએક લીગ દૂર આવેલો શાહજાદીનો બાગ (બેગમવાડી) જોવા ગયા આ બાગ મહાન મુઘલની બહેનની માલિકીનો છે. " બાગ મોટા વિસ્તારવાળો છે અને તેમાં બંને બાજુએ હારબંધ વિવિધ વૃક્ષો જેવાં કે, આંબા, તાડ, હરડે, વડ, મહુડા અને અન્ય બીજા કેટલાંય છે. ક્ષુપમાં મેં આંકડાનાં ઝૂંડ જેના વિષે મેં મારા દ્વિતીય ગ્રંથમાં વિસ્તારથી કહ્યું છે તે ઉપરાંત ઈજિપ્શિયન બાવળ (રામ બાવળ અથવા વિલાયતી બાવળ) જોયા. બગીચામાં સુંદર અને સીધા બંને બાજુ વૃક્ષોવાળા અનેક રસ્તાઓ છે અને તેમાં ખાસ કરીને ચાર જે બાગને ચાર વિભાગમાં વહેંચી નાંખે છે. તેમની વચ્ચે પાણીની નાની નીક વહે છે જેમાંનું પાણી કૂવામાંથી બળદો દ્વારા કાઢવામાં આવે છે. બાગની મધ્યમાં ચાર પ્રવેશદ્વારોવાળું એક મકાન છે. તેના પ્રત્યેક પ્રવેશદ્વારે સુંદર બેઠકોની વ્યવસ્થા છે. મકાનના પ્રત્યેક ખૂણે નાની ઓરડીઓ છે. પ્રત્યેક બેઠકોની સામે પાણીથી ભરેલા ચાર ચોરસ હોઝ છે. જેમાંથી નીકળલો પાણીનો પ્રવાહ મુખ્ય નીકમાં જાય છે. જો

કે બાગ દેખાવમાં સુદર છે છતાં આપણા બાગ જેવી સુંદરતા અહીં નથી જોવા મળતી. આપણે ત્યાંની જેવી કુંજો કે પુષ્પોની બિછાત પણ નથી. પુષ્પોની ચોકસાઈપૂર્વકની વ્યવસ્થિત ગોઠવણી કે આપને ત્યાંના જેવા વિવિધ ફુવારાઓની પણ ગેરહાજરી છે.

આ બગીચાથી સો કે દોઢસો ડગલાં દૂર એક વિશાળ વડનું વૃક્ષ જોયું આ વૃક્ષને વડ અથવા બનયન ટ્રી પણ કહે છે અને તેની ડાળીઓમાંથી નીકળેલા રેસા (વડવાઈઓ) જમીન સુધી પહોંચીને મૂળ બને છે. અને તેમાંથી

* સુરતનો ચોકબજારમાં આવેલો કિલ્લો અને ગોપીતળાવના બાંધકામનાં વર્ષો બાબતે થેવેનોએ લોકો પાસેથી સાંભળીને નોંધ કરી

છે. ગોપી તળાવ ખરેખર તો ઈ.સ. ૧૫૧૦ પહેલાં બંધાવું શરુ થયું હતું જયારે કિલ્લો હિ.સ. ૯૪૭ (ઈ.સ. ૧૫૪૦-૪૧) માં

બંદાયો હતો. 4 થેવેનોએ તળાવના પૂરાણ વિષે જણાવેલા ભય અસ્થાને નહોતો કારણ કે ૧૬૭૫ માં ડૉ. ફાયરે તળાવને સંપૂર્ણ રીતે પૂરાયેલું અને ખાલી જોયું હતું. ૧૭૧૭ માં સુરતના નવાબ હૈદર કુલીખાને શહેરનો કોટ આલમપનાહ બાંધવા માટે તળાવના પથ્થરો ઉખાડીને કામમાં લીધા હતા. પરિણામે તેની નિશાનીઓ પણ બચવા પામી નહીં.

- થેવેનોની સુરતની મુલાકાતના વર્ષમાં (૧૯૬૬) મહાન મથલ ઔરંગઝેબ (૧૯૫૮-૧૭૦૭) હતો. જે શાહજાદીની વાત થેવેનોની નોંધમાં છે તે ઔરંગઝબની બહેન અને શાહજહાંની પુત્રી જહાંઆરા હતી. સુરત બંદરની આવક શાહજહાંએ તેની પુત્રીને તેના દૈનિક ખર્ચના હેતુથી લખી આપી હતી. તેણે બંધાવેલા બાગ જે બેગમવાડી કહેવાતો અને તેના નામે એ જ વિસ્તાર પણ બેગમપર એ નામે ઓળખાયો. જહાંઆરાનું મૃત્યુ પણ સુરતમાં જ થયું હતું.

10બીજી નવી ડાળીઓ ફૂટે છે તેને લીપે તેને રુટ-ટ્રી પણ કહે છે. અને આ પ્રમાણે એક જ વૃક્ષ વિશાળ જગા રીકે છે. ખાસ કરીને વડનું આ વૃક્ષ ખૂબ જ વિશાળ અને ઊંચું છે તેથી તેનો છાંયડો પણ વિશાળ જગામાં પથરાયેલો છે. તેનું થડ ગોળાકાર છે અને તેનો વ્યાસ એંસી ડગલાં જેટલો એટલે કે ત્રીસ ટોઇસેસ જેટલો થાય છે. ડાળીઓમાંથી નીકળેલી વડવાઈઓ જે અસ્તવ્યસ્ત રીતે મૂળિયાં બનેલી છે તેમને એવી કુશળતાથી કાપવામાં આવી છે કે વૃક્ષ નીચે કોઇપણ માણસ વિના મુશ્કેલીએ હરીફરી શકે છે?"

ભારતમાં હિંદુઓ આ વૃક્ષને પવિત્ર માને છે. અને તે જાણવામાં દૂરથી પણ અમને કોઈ મુશ્કેલી પડી નહીં કારણ કે વાણિયાઓએ તેની સૌથી ઊંચી ડાળીની ટોચે ધજા ફરકાવેલી હતી. તેની સાથે જ એક મૂર્તિવાળું પગોડા (મંદિર) આવેલું છે. તેઓ તેને 'મામેવા' (મહામાયા-મમ્માયા) કહે છે. તેમના મતમાં નહીં માનનારાઓ તેને ઈવ કહે છે. અમે ત્યાં એક બ્રાહ્મણ જોયો જે ત્યાં આવતા દર્શનાર્થિઓના કપાળે લાલ ચાંલ્લો કરતો હતો અને તેને લોકો નાળિયેર એને ચોખા ભેટ ધરતાં હતાં. આ મંદિર વૃક્ષની નીચે એક ગુફાના રુપમાં બનાવવામાં આવ્યું છે. તેની બહારની દીવાલો ઉપર તેમની કાલ્પનિક દેવોની કથાઓ રજૂ કરતી વિવિધ આકૃતિઓ ચીતરેલી છે અને ગુફાના (મંદિરના) અંદરના ભાગમાં આખુંય લાલ રંગનું એક મસ્તક છે. આ વિસ્તારમાં મેં એક માણસ જોયો જે કીડીઓ પ્રત્યે ખૂબ જ દાનવૃતિવાળો હતો. તેમને ખવડાવવા માટે તે એક કોથળીમાં લોટ લઈ જતો હતો અને જયાં કીડીઓ ભેગી થયેલી જુએ (કીડિયારા પાસે) ત્યાં મુઠ્ઠી ભરીને લોટ નાખતો હતો."

જયાં અત્યારે વહાણો આવે છે તે સુરતનું બારું ખરેખર સારું બંદર નથી. બહુ બહુ તો તેને નાંગરવાના સ્થળ તરીકે ઓળખી શકાય. આ કંઇ હું અકારણ જ કહેતો નથી કારણ કે આ પુસ્તકની શરુઆતમાં જ મેં જણાવ્યું છે કે તે બારું એટલા માટે કહેવાય છે કે ત્યાંની રેતી હોડીઓને આગળ વધતી રોકે છે. ખરું જોતાં તો અહીં એટલું બધું છીછરું પાણી હોય છે કે સામાન્ય ભરતી ખાલી કરાયેલાં વહાણોને માટે પણ આગળ વધવા માટે પૂરતી નથી બનતી અને તેથી લોકોને પૂર્ણિમાની મોટી ભરતીની રાહ જોવી પડે છે. પરંતુ તેવા સંજોગોમાં પણ તેમને વહાણના સમારકામની જરુર પડે તો જ તેઓ સુરત સુધી આવે છે. નાની હોડીઓ તો ખૂબ જ નાની ભરતીમાં પણ શહેર સુધી પહોંચી શકે છે. ™

સુરતનું ખરું બંદર સુંવાળી છે. જે નદીમુખથી બે લીગ્ઝના અંતરે આવેલું છે. શહેરથી તે માત્ર સાડા ચાર લીગ્ઝ દૂર છે. તેથી ત્યાં ભૂમિરસ્તે જવા માટે લોકો શહેર પાસે નદી ઓળંગે છે. બધાં વહાણો આ બંદરે (સુંવાળી)

4 મામેવા શબ્દ એ મૂલે સંસ્કૃત શબ્દ મહામાયાનું અપભ્રંશ રૂપ છે. મહામાયા શબ્દ ઉપરથી વ્યુત્પન્ન થયેલા મમ્માથા, મમ્માઇ શબ્દો પણ મળે છે. એટલે વટવૃક્ષ નીચે જેણાવેલું દેવસ્થાન એ દેવીમંદિર જ હોવું જોઇએ. આ વડ ૧૯૯૮ ની તાપીની રેલમાં પડી ગયો હતાં તે મુંબઈવડ તરીકે પણ ઓળખાતો હતો જે મૂળે તો મમ્માઇ-વડ જ હોવું જોઇએ. દર્શનાર્થિઓ દ્વારા નાળિયેર-ચોખા ધરવાની વાત પણ દેવીમંદિરનું જ સૂચન કરે છે.

11નાંગરે છે જ્યાં નાંગરવા માટેની સારી જગા છે, પરંતુ અહીં જકાતચોરી વારંવાર થતી હોવાથી ત્યાં આવવાની મનાઈ કરવામાં આવી છે. ૧૯૯૦ પછી અંગ્રેજો અને ડચો સિવાય કોઇ જ ત્યાં આવ્યું નથી, તેમને હજુ પણ ત્યાં નાંગરવાની છૂટ મળેલી છે. અહીં (સુંવાળીમાં) અંગ્રેજો અને ડચોના પોતાનાં ગોદામો છે. આ બંદર તેમને જકાત ભર્યા વગર ઇચ્છા પ્રમાણેની બચત કરવાની સારી સગવડ પૂરી પાડે છે. આ બે દેશોના ગવર્નર્સ, કમાન્ડર્સ અથવા પ્રેસિડેન્ટસની ગાડીઓ આ વિસ્તારમાં વારંવાર આવે છે અને તેમના વહાણઓમાંથી જથ્થો નાનો હોય તો ગમે તે વસ્તુઓ લઈ જાય છે. સુંવાળીમાં સમુદ્રકાંઠે તેમના બગીચા પણ છે અને દરેકને પોતાનાં નાના બંદરો પણ છે જ્યાં તેઓ તેમની હોડીઓ યા વહાણો રાખે છે. અને જ્યાં સુધી તેઓ ઘણીબધી વસ્તુઓ ઉપરની જકાત ભરવાનું ટાળી શકે ત્યાં સુધી એમના કબ્જામાં રહે છે.

જયારથી અન્ય દેશોને સુંવાળી પાસે નાંગરવાની મનાઈ ફરમાવવામાં આવી છે ત્યારથી તેમને ખૂબ જ અગવડતા હોવા છતાં સુરતના બારામાં મોટી સંખ્યામાં વહાણો ભેગાં થાય છે. કારણ કે ઈરાન, અરેબિયા ફેલિકસ અથવા સામાન્ય રીતે હિંદના દરેક વિસ્તારમાંથી કોઈ પણ વહાણે આવવાનું બંધ કર્યું નથી. તેથી સુંવાળીમાં ઘટાડો થયો નથી અને બાદશાહને વાર્ષિક બાર લાખ રુપિયા મળે છે. અને દરેક લાખ લગભગ એક લાખ પાઉન્ડ જેટલા થાય છેને (અહીંનો) જકાત નિયામક મુસ્લિમ છે અને સુરતના ગવર્નર (મુત્સદી) દ્વારા નીમાય છે. કારકૂનો વાણિયા છે અને બાકીના કર્મચારીઓ જેવા કે ચોકિયાતો, હમાલો અને બીજા પણ મુસ્લિમ છે.૧૭

આજે સુરતની શકલ ઘણી બદલાઇ ગઇ છે. તેની ઐતિહાસિક ઈમારતો જળવાઈ રહી છે પરંતુ ધંધા-રોજગાર વિનિમય સમાજજીવન સમય પરિવર્તનની સાથે બદલાઈ રહ્યું છે. જયાં-દ.થેવેનોએ આપેલી સુરત શહેરના વિવિધ સ્થળોની જાણકારી સંપૂર્ણપણે સાચી છે. તેમાં થોડી અતિશયોક્તિ પણ જોવા મળે છે. મિશનરીઓના પૂર્વગ્રહનું વલણ પણ જવાબદાર છે. છતાં સમાજજીવનના અને સુરત શહેરના ઉધોગોમાં પરિવર્તન થયું હોવા છતાં સુરતની વેપારી કેન્દ્ર તરીકેની ગણના આજે પણ ભારતના મુખ્ય વેપારી કેન્દ્રોમાં કરવામાં આવે છે. એ જ તેનું સૌથી મોટી મહત્વ છે. એ જ સુરત આજે સોનાની મૂરત જેવું બની રહેશે.

* સુરતમાં સામાન્ય રીતે બહારથી આવતા કોઈ પણ પરદેશીની જકાતનાકે કડક તપાસ થતી. તેમાં મુસાફરોના સામાન ઉપરાંત તેમણે પહેરેલાં કપડાં પણ તપાસવામાં આવતાં. આ અપમાનજનક તપાસમાંથી કંપનીના ગવર્નરો યા પ્રમુખોને મુક્તિ આપવામાં આવતી જેનો તેઓ ગેરલાભ ઉઠાવતા અને જાતે સુંવાળી જઈને નાનીમોટી વસ્તુઓ શહેરમાં પહોંચાડી દેતા. આ જ કારણથી તેમનાં વહાણો લાંબો સમય સુંવાળી પડ્યાં રહેતાં ને માલસામાન જકાતનાકા ઉપર ખૂબ જ મોડેથી લાવવામાં આવતો હતો, ને થેવેનોએ રુપિયા અને પાઉન્ડ વચ્ચેનો જે વિનિમયદર બતાવ્યો છે તેમાં કંઈક ગરબડ જણાય છે. તેણે એક લાખ રૂપિયા બરાબર એક લાખ પાઉન્ડ જણાવ્યા છે. ઈ.સ. ૧૯૮૭ સુધી સ્ટર્લિંગ રુપિયાનું વિનિમયમુલ્ય ૨ શિ. ૩ પેન્સ (૨.૨૫ શિલિંગ્ઝ) હતું, તે પ્રમાણે ગણતરી કરતાં એક લાખ રુપિયા બરાબર તો ૧૧૨૫૦ પાઉન્ડ જ થાય. એને એક લાખ પાઉન્ડના રુપિયા ગણીએ તો ૧ લાખ પાઉન્ડ બરાબર ૨૦ લાખ શિલિંગ્ઝ થાય અને ૨.૨૫ શિલિંગ્ઝનો રુપિયો ગણતાં ૮૮૮૮૮૮.૮૮ રૂપિયા થયા. એટલે કે એક પાઉન્ડ બરાબર ૮.૮૮ રુપિયા થયા.

12સંદર્ભ

1. Thevenot-Travels in to the Levent by Monsieur de Thevenot London, 1687 pp-32

2. Surendranath Sen- Indian Travels of Thevenot and Careri New Delhi, 1949. pp-124

3. William Crooke, A New Account of East India and Persia Being Nine Years' Travels 1672-1681 3 Vols. London, 1909-15. P-194-198

4. H. G. Rawlinson, A Voyage to Surat in the Year 1689 by London 1958 P-268-276

5. M. S. Commissariat, History of Gujarat Vol. 2, Bombay, 1957. p-243-245.

6. J. Talbys wheeler and Michael Macmillan European Tranvellers in India Calcutta 1958 p-256-258

7. Heroberot Thomas. Some Years Travels into Africa and Asia London, 1938 p-322-323.

8. Correa & Gasper, Lendas de India, vol. I-IV, Lisbon, 1858 p-64.

9. Tom Pires, The Suma oriental of Time Pins, vol. I & II, London, 1944. p-132-142

10. James Forbes, oriental memoirs & Master Caesar Frederici London 1958 vol. III. P-86-87 p-231-232.

11. A Vambery trans, The Voyages of Ferdin and Mendex Pints, London (not dated).

12. Surendra Gopal, commerce and crafts in Gujarat, 16th & 17th Centuries, New Delhi, 1975. p-267-269

13. M.S. Commissariat, History of Gujarat, vol. I, London, 1938. p-265-267.

14. M.S. Commissariate, Studies in the History of Gujarat, vol. 2, Londoan 1957 p-216-276

15. શ્રી રત્નમણિ રાવ. ભી. જોટે, "ગુજરાતનું વહાણવટું વસંત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ", અમદાવાદ ૧૯૨૯ પૃ. ૧૮૫-૧૯૬

૧૬. શ્રી રત્નમણિ રાવ. ભી. જોટે. "ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ-૨" અમદાવાદ, ૧૯૬૪ પૃ-૩૩.

१७. M.S. Commissariat, studies in the Histroy of Gujarat, Bombay, १८३५, pp -૨૩૯ -૨૪૨